**Session Case No.5/2018 & 69/2023**

GJDH120001052018 GJDH120013052023

सत्यमेव जयते

નામદાર ગુજરાત હાઈકોર્ટ નોટીફિકેશન નં.સી.૨૦૦૧/૯૩, તા.૨૦-૦૫-૨૦૨૨ માં ઠરાવેલ પ્રોફોમાં મુજબ :-

**આંક-૫૧.**

**ફોર્મ-'એ'**

**દાહોદ જીલ્લાની બીજા એડિશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ.લીમખેડા, જી.દાહોદ.**

**શ્રીમતી એમ.એમ.સોની, બીજા એડિશ્નલ ડિસ્ટ્રકટ & સેશન્સ જજ,**
**(ચુકાદાની તારીખ : ૧૦/૦૮/૨૦૨૬)**

**(સેશન્સ કેસ નં.૫/૨૦૧૮)**
**+**
**(સેશન્સ કેસ નં.૬૯/૨૦૨૩)**

(એફ.આઈ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન)

લીમખેડા પો.સ્ટે.ફ.ગુના રજી.નં.૬૩/૨૦૧૪.

ગુનો :- ભારતીય દંડ સંહીતાની કલમ -૩૯૫, ૩૯૬, ૫૧૧ મુજબ.

પોલીસ સ્ટેશન :- લીમખેડા પોલીસ સ્ટેશન.

| | |
|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)<br><br>(મુળ ફરિયાદી :- સોમાભાઇ મનસુખભાઇ હઠીલા) |
| ફરિયાદ પક્ષે વકીલશ્રી | વી.એ.પી.પી.શ્રી એસ.વી.તડવી |

| | |
|---|---|
| આરોપી | **સેશન્સ કેસ નં.૫/૨૦૧૮**<br>૧.નગરસીંહ માનસીંગ ગણાવા<br>રહે.– ચીલાકોટા, જાગલા ફળીયુ,<br>તા.લીમખેડા, જી.દાહોદ.<br><br>**સેશન્સ કેસ નં.૬૯/૨૦૨૩**<br>૧.શૈલેષભાઇ કાળુભાઇ ભાભોર<br>રહે.–ઉંડાર, માળ ફળીયુ,<br>તા.ધાનપુર, જી.દાહોદ.<br>૨.ઇશ્વરભાઇ જોરસીંગભાઇ મંડોડ<br>રહે.– ચીલાકોટા, રવાળી ફળીયુ,<br>તા.લીમખેડા, જી.દાહોદ. |
| આરોપી તરફે વકીલશ્રી | –– |

## ફોર્મ–'બી.'

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | તા.૨૨/૦૫/૨૦૧૪ |
| ફરીયાદની તારીખ | તા.૨૨/૦૫/૨૦૧૪ |
| ચાર્જસીટની તારીખ | સેશન્સ કેસ નં.૫/૨૦૧૮<br>તા.૧૫/૦૯/૨૦૧૬<br>+<br>સેશન્સ કેસ નં.૬૯/૨૦૨૩<br>તા.૧૮/૦૧/૨૦૧૮ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | સેશન્સ કેસ નં.૫/૨૦૧૮<br>તા.૧૨/૦૮/૨૦૨૫<br>(બી.એન.એસ.એસ.ની કલમ ૩૩૫ અન્વયે હુકમ કરેલ છે.)<br>+<br>સેશન્સ કેસ નં.૬૯/૨૦૨૩<br>તા.૦૯/૦૯/૨૦૨૫<br>(બી.એન.એસ.એસ.ની કલમ ૩૩૫ અન્વયે હુકમ કરેલ છે.) |
| પુરાવો શરુ કર્યાની તારીખ | તા.૦૯/૦૯/૨૦૨૫ |
| ચુકાદો સંરક્ષીત રાખ્યાની તારીખ | તા.૧૦–૦૮–૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | તા.૧૦–૦૮–૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ,જો કોઇ હોય તો, | – |

**<u>આરોપીની વીગત :–</u>**

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન ઉપર મુકત કરવામા આવેલ હોય તો તેની તારીખ | કયા ગુનાનો આક્ષેપ છે. | નીર્દોષ છોડવામા આવ્યા છે કે કસુરવાર | શુ સજા કરી ? | સી.આર.પી.સી.ની કલમ-૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| **સેશન્સ કેસ નં. ૫/૨૦૧૮** | | | | | | | |
| ૧. | નગરસીંહ માનસીંગ ગણાવા | ૧૮-૦૨-૨૦૧૬ | ૦૯-૦૩-૨૦૧૮ | ૩૯૫, ૩૯૬, ૫૧૧ મુજબ | નિર્દોષ | -- | ૦૨ વર્ષ, ૦૦ મહીના, ૨૨ દિવસ. |
| **સેશન્સ કેસ નં. ૬૯/૨૦૨૩** | | | | | | | |
| ૧. | શૈલેષભાઇ કાળુભાઇ ભાભોર | ૦૪-૧૧-૨૦૧૫ | ૨૪-૦૨-૨૦૧૬ | ૩૯૫, ૩૯૬, ૫૧૧ મુજબ | નિર્દોષ | -- | ૦૩ મહીના, ૨૦ દિવસ. |
| ૨. | ઈશ્વરભાઇ જોરસીંગભાઇ મંડોડ | ૧૩-૦૪-૨૦૧૬ | ૦૮-૦૬-૨૦૧૬ | ૩૯૫, ૩૯૬, ૫૧૧ મુજબ | નિર્દોષ | | ૦૧ મહીનો, ૨૬ દિવસ. |

## ફોર્મ-'સી'

**ફરીયાદ પક્ષે /બચાવ પક્ષે / કોર્ટ તરફે સાહેદ લીસ્ટ**

**એ./ફરીયાદ પક્ષે સાહેદ લીસ્ટ (સેશન્સ કેસ નં.૫/૨૦૧૮)**

| પી.ડબલ્યુ/આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| P.W.1/આંક-૧૦ | રમેશભાઇ માનસીંગભાઇ મંડોડ | પંચ |
| P.W.2/ આંક-૧૬ | દીપાભાઇ નારસીંગભાઇ ભાભોર | પંચ |
| P.W.3/આંક-૧૭ | ધુળાભાઇ કાળુભાઇ ભાભોર | પંચ સાહેદ |
| P.W.4/આંક-૨૦ | સોમાભાઇ મનસુખભાઇ હઠીલા | ફરીયાદી |
| P.W.5/આંક-૨૨ | દીલીપભાઇ બાબુભાઇ ભાભોર | પંચ |
| P.W.6/આંક-૨૪ | મહેશભાઇ રણછોડભાઇ પટેલ | પંચ |
| P.W.7/આંક-૨૬ | સુરેશભાઇ મણિયાભાઇ ચૌહાણ | પંચ |

| | | |
|---|---|---|
| P.W.8/આંક-૨૯ | આશાબેન અભેસીંગભાઇ | મેડીકલ ઓફીસર |
| P.W.9/આંક-૩૨ | સાલમસીંહ ભચજીભાઇ પટેલ | ત.ક.અમલદાર |
| P.W.10/આંક-૩૪ | હરેશકુમાર પરથીભાઇ કરેણ | ત.ક.અમલદાર |

**એ./ફરીયાદ પક્ષે સાહેદ લીસ્ટ (સેશન્સ કેસ નં.૬૯/૨૦૨૩)**

| પી.ડબલ્યુ/આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| P.W.1/આંક-૧૩ | દીલીપભાઇ બાબુભાઇ ભાભોર | પંચ |
| P.W.2/ આંક-૧૫ | દીપાભાઇ નારસીંગભાઇ ભાભોર | પંચ |
| P.W.3/આંક-૧૭ | રમેશભાઇ માનસીંગભાઇ મંડોડ | પંચ |
| P.W.4/આંક-૧૮ | સોમાભાઇ મનસુખભાઇ હઠીલા | ફરીયાદી |
| P.W.5/આંક-૨૧ | મહેશભાઇ રણછોડભાઇ પટેલ | પંચ |
| P.W.6/આંક-૨૩ | સુરેશભાઇ મણિયાભાઇ ચૌહાણ | પંચ |
| P.W.7/આંક-૨૮ | આશાબેન અભેસીંગભાઇ | મેડીકલ ઓફીસર |
| P.W.8/આંક-૩૪ | ભરતભાઇ ખુરબાનભાઇ નીનામા | પંચ |

**( સેશન્સ કેસ નં.૪૯/૨૦૧૫ તથા ૪૫/૨૦૧૭ ના કામે થયેલ જુબાનીની ખરી નકલો)**

| અનુ. નં. | આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | આંક-૩૮ | નિલેશભાઇ રમેશભાઇ હઠીલા | સાહેદ |
| ૨. | આંક-૩૯ | રાકેશભાઇ રમેશભાઇ હઠીલા | સાહેદ |
| ૩. | આંક-૪૦ | લખુડીબેન રમેશભાઇ હઠીલા | સાહેદ |
| ૪. | આંક-૪૧ | કાન્તાબેન સોમાભાઇ હઠીલા | સાહેદ |
| ૫. | આંક-૪૨ | લતાબેન રાકેશભાઇ હઠીલા | સાહેદ |
| ૬. | આંક-૪૩ | અભેસીંગભાઇ મનસુખભાઇ હઠીલા | સાહેદ |
| ૭. | આંક-૪૪ | સોમાભાઇ જહીંગભાઇ હઠીલા | સાહેદ |
| ૮. | આંક-૪૫ | વાલીબેન મનસુખભાઇ હઠીલા | સાહેદ |
| ૯. | આંક-૪૬ | બાબુભાઇ દલસીંગભાઇ હઠીલા | સાહેદ |
| ૧૦. | આંક-૪૭ | હીમસીગભાઇ ભુરસીંગભાઇ ભાભોર | સાહેદ |
| ૧૧. | આંક-૪૮ | કનુભાઇ રૂમાલભાઇ ભાભોર | સાહેદ |
| ૧૨. | આંક-૪૯ | ભાવેશભાઇ રામજીભાઇ રબારી | ત.ક.અમલદાર |

**બી./બચાવ પક્ષે સાહેદ લીસ્ટ**

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
| --- | --- | --- |
| -- | | |

**સી./કોર્ટ પક્ષે સાહેદ લીસ્ટ**

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
| --- | --- | --- |
| -- | | |

**ફરીયાદ પક્ષે /બચાવ પક્ષે / કોર્ટ પક્ષે આંક :**

**એ./ફરીયાદ પક્ષે આંક : (સેશન્સ કેસ નં.૫/૨૦૧૮)**

| અ.નં. | વીગત | આંક |
| --- | --- | --- |
| ૧. | ઇન્કવેસ્ટ પંચનામુ | ૧૧ |
| ૨. | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૧૮ |
| ૩. | ફરીયાદ | ૨૧ |
| ૪. | ફરીયાદી તથા સાહેદોની હાજરીમાં બનાવ કેવી રીતે બનેલ છે તે સંબંધેનુ પંચનામુ | ૨૩ |
| ૫. | ભા.પુ.અધિ.ની કલમ-૨૭ મુજબનુ પંચનામુ | ૨૫ |
| ૬. | પી.એમ. નોટ | ૩૦ |
| ૭. | આરોપીની શરીર સ્થીતીનુ પંચનામુ | ૩૩ |

**એ./ફરીયાદ પક્ષે આંક : (સેશન્સ કેસ નં.૬૯/૨૦૨૩)**

| અ.નં. | વીગત | આંક |
| --- | --- | --- |
| ૧. | ફરીયાદી તથા સાહેદોની હાજરીમા બનાવ કેવી રીતે બનેલ છે તે સંબંધેનુ પંચનામુ | ૧૪ |
| ૨. | ઇન્કવેસ્ટ પંચનામુ | ૧૬ |
| ૩. | ફરીયાદ | ૧૯ |
| ૪. | ભા.પુ.અધિ.ની કલમ-૨૭ મુજબનુ પંચનામુ | ૨૨ |
| ૫. | પી.એમ. નોટ | ૨૯ |
| ૬. | આરોપીની શરીર સ્થીતીનુ પંચનામુ | ૩૫ |

**બી./બચાવ પક્ષે આંક :**

| અ.નં. | વીગત | આંક |
|---|---|---|
| -- | | |

**સી./કોર્ટ પક્ષે આંક:**

| અ.નં. | વીગત | આંક |
|---|---|---|
| -- | | |

**કબજે કરેલ મુદ્દામાલ આંક:**

| અ. નં. | આર્ટીકલ નંબર | વીગત |
|---|---|---|
| ૦૧ | મુદ્દામાલ પાવતી નંબર ૬૧/૨૦૧૪ | મુદ્દામાલ પાવતી નંબર ૬૧/૨૦૧૪ માં જણાવ્યા મુજબ |
| ૦૨ | મુદ્દામાલ પાવતી નંબર ૯૧/૨૦૧૪ | મુદ્દામાલ પાવતી નંબર ૯૧/૨૦૧૪ માં જણાવ્યા મુજબ |

**-::: જ જ મે ન્ટ :::-**

**૧.** ઉપરોકત બંન્ને સેસન્સ કેસો એકજ ગુના રજીસ્ટરમાથી ઉદભવેલા એક સાથે ચલાવી આ કોમન જજમેન્ટથી એક સાથે નીર્ણીત કરવામા આવેલ છે.

**૨.** ફરીયાદ પક્ષના કેસની હકીકત મુજબ આ કામના ફરીયાદી સોમાભાઇ મનસુખભાઇ હઠીલા રહે.ચીલાકોટા,રવાળી ફળીયું, તા.લીમખેડા જી.દાહોદનાએ તા.૨૨/૦૫/૨૦૧૪ ના રોજ લીમખેડા

પોલીસ સ્ટેશનમા નોંધાવેલ ફરીયાદની ટુંકમા હકીકત એવી છે કે, તા.૨૧/૫/૨૦૧૪ ના રોજ રાત્રીના આશરે કલાક ૩:૦૦ વાગ્યાના સુમારે મોજે ચીલાકોટા ગામે આ કામના ફરીયાદી તેમના ઘરના આંગણામાં બહાર ઉંઘી રહેલ હતા ત્યારે તેઓ પર પથ્થરો પડતા જાગી ગયેલા અને અંધારામાં જોયેલ તો ૬-૭ માણસો ચોર લુંટારા જેવા હતા અને તેઓ પથ્થરો અને તીરમારો કરતા હતા અને ધમકી આપતા હતા અને ફરીયાદીનો ભાઇ ઘરના આંગણામાં સુતો હોય તે ઉભો થતા આ ચોર લુંટારુઓએ તીર મારો કરતા એક તીર ફરીયાદીના ભાઇને છાતીના ભાગે વાગતા તેઓ ઢળી પડેલા અને તે સમયે આજુબાજુના માણસો જાગી જતા તેઓએ પણ બુમો પાડવા લાગતા આ ચોર લુટારા ભાગી ગયેલા ત્યારબાદ ફરીયાદીના ભાઇને વાગેલ હોય તીર ખેંચતા એકલુ લાકડુ હાથમાં આવેલુ અને તીર તેની છાતીમાં અંદર ઉતરી ગયેલુ અને ત્યારબાદ ૧૦૮ બોલાવી લીમખેડા સરકારી દવાખાને લઇ જતા હતા ત્યારે રસ્તામાં જ તેમનુ મરણ થયેલુ. ત્યારબાદ ફરીયાદી ગામના આગેવાનો સાથે ફરીયાદ આપવા ગયેલા અને જણાવેલ છે કે આ ચોર લોકો તેમના જેવી ગામઠી ભાષા બોલતા હતા અને તેઓ બધા જાગી જતા તેમના ઘરેથી કોઇપણ વસ્તુ લીધા સીવાય આ ચોર લોકો નાશી જઇ અને તેમના ભાઇનુ મરણ નીપજાવી ઇ.પી.કો.ક. ૩૯૫, ૩૯૬, ૫૧૧ મુજબનો ગુનો કરેલ હોય તેઓના વિરુધ્ધ કાયદેસરની તપાસ થવા ફરીયાદ છે.

**3.** ઉપર મુજબની ફરિયાદ હકીકત લીમખેડા પોલીસ મથકના પો.સ.ઈ. રૂબરૂ જાહેર કરતા લીમખેડા પો .સ્ટે.ફ.ગુના રજી.નં.નં.૬૩/૨૦૧૪ થી ભારતીય દંડ સહિતાની કલમ-૩૯૫, ૩૯૬, ૫૧૧ મુજબના ગુનાઓ દાખલ કરી આગળની તપાસ ત.ક.અમલદારને સોંપવામાં આવેલી.

**૪.** ત.ક.અમલદારે તપાસના કામે જરૂરી કાર્યવાહી કરી આરોપી નગરસીંહ માનસીંગ ગણાવાને અટક કરી તે અંગેના જરૂરી પંચનામા કરી

લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતો હોય તપાસના અંતે લીમખેડાના વિ.જયુડી.મેજીસ્ટ્રેટ ફ.ક. કોર્ટમાં તા.૧૫/૦૯/૨૦૧૬ ના રોજ ચાર્જશીટ રજુ કરેલ. જે ચાર્જશીટ લીમખેડાના વિ. જયુડી. મેજીસ્ટ્રેટ ફ.ક કોર્ટના ક્રિમિનલ રજીસ્ટરે ક્રિમિનલ કેસ નં.૮૮૧/૨૦૧૬ થી નોંધવામાં આવેલ અને આરોપી વિરુધ્ધ સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ.

ત્યારબાદ આ ગુનાના અન્ય આરોપી શૈલેષભાઈ કાળુભાઈ ભાભોર તથા ઈશ્વરભાઈ જોરસીંગભાઈ મંડોડ મળી આવતા તેઓને અટક કરી જરૂરી કાર્યવાહી કરી આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતો હોય તપાસના અંતે લીમખેડાના વિ.જયુડી.મેજીસ્ટ્રેટ ફ.ક. કોર્ટમાં તા.૧૮/૦૧/૨૦૧૮ ના રોજ ચાર્જશીટ રજુ કરેલ. જે ચાર્જશીટ લીમખેડાના વિ. જયુડી. મેજીસ્ટ્રેટ ફ.ક કોર્ટના ક્રિમિનલ રજીસ્ટરે ક્રિમિનલ કેસ નં.૯૬/૨૦૧૮ થી નોંધવામાં આવેલ અને આરોપીઓ વિરુધ્ધ સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ.

**૫.** સદર સમન્સ ઈસ્યુ થયા બાદ લીમખેડાના વિ.જયુડી.મેજીસ્ટ્રેટ ફ.ક. કોર્ટ સમક્ષ આરોપીઓ હાજર થયેલ હોય આરોપીઓને ચાર્જશીટ તથા તેની સાથેના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ હોવાની ખાત્રી કરી આરોપી સામેના ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની હકુમત સેશન્સ અદાલતને પહોંચતી હોય લીમખેડાના વિ.જયુડી.મેજીસ્ટ્રેટ શ્રી એ સી.આર.પી.સી.ની કલમ–૨૦૯ અંતર્ગત કમીટલ હુકમ પસાર કરી સદરહું કેસ ક્રિ. પ્રો. કો. ક.૨૦૯ અન્વયે અત્રેની એડિ. સેશન્સ કોર્ટ, લીમખેડાને કમીટ કરવામાં આવેલ. જયાં તે સેશન્સ કેસ નં.૫/૨૦૧૮ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ. ત્યારબાદ અન્ય આરોપીઓ સામેનો કેસ રજુ થતાં ઉપર મુજબની કામગીરી કરી લીમખેડાના વિ.જયુડી.મેજીસ્ટ્રેટ શ્રી એ સી.આર.પી.સી.ની કલમ–૨૦૯ અંતર્ગત કમીટલ હુકમ પસાર કરી સદરહું કેસ ક્રિ. પ્રો. કો. ક.૨૦૯

અન્વયે અત્રેની એડિ. સેશન્સ કોર્ટ, લીમખેડાને કમીટ કરવામાં આવેલ. જયાં તે સેશન્સ કેસ નં.૬૯/૨૦૨૩ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ.

**૬.** આ કામના આરોપીઓને અત્રેની અદાલત ઘ્વારા સમન્સ/નોટીસ કરવામાં આવતા આરોપીઓ હાજર થયેલ નથી. જેથી તેઓને પકડ વોરંટ ઈશ્યુ કરવામાં આવેલા તેમ છતા પણ આરોપીઓ મળી આવેલા નહી. તે ઉપરાંત સદરહુ ગુનો વર્ષ ૨૦૧૪ નો હોય અને સદર મેટર ઘણી જુની હોય લાંબા સમયથી પેન્ડીગ હોય આ કામે આંક-૧ હેઠળ બી.એન.એસ.એસ.ની કલમ-૩૩૫ અન્વયેનો હુકમ સેશન્સ કેસ નં.૫/૨૦૧૮ ના કામે તા.૧૨/૦૮/૨૦૨૫ ના રોજ કરવામાં આવેલો અને સેશન્સ કેસ નં. ૬૯/૨૦૨૩ ના કામે તા.૦૯/૦૯/૨૦૨૫ ના રોજ કરવામાં આવેલો અને આરોપીઓની ગેરહાજરીમાં ન્યાયીક કાર્યવાહી ચલાવવાનો હુકમ કરવામાં આવેલો.

સેશન્સ કેસ નં.૦૫/૨૦૧૮ તેમજ સેશન્સ કેસ નં.૬૯/૨૦૨૩ એક જ ગુના રજીસ્ટરમાંથી ઉદ્ધભવેલા હોય, સેશન્સ કેસ નં.૦૫/૨૦૧૮ ના કામે આંક-૩૧ થી અરજી આપી ઉપરોકત બંન્ને સેશન્સ કેસો કોન્સોલીડેટ કરી સંયુકત પુરાવો નોંધવા અરજ ગુજારતા અત્રેની અદાલત દ્રારા આંક-૩૧ લગત હુકમ કરી ઉપરોકત બંન્ને સેશન્સ કેસો એક સાથે ચલાવી સેશન્સ કેસ નં.૦૫/૨૦૧૮ માં એક સાથે પુરાવો નોંધવાનો હુકમ કરવામાં આવેલ છે.

**૭.** ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ પોતાનો કેસ સાબીત કરવા માટે ઉપર ફોર્મ-"સી" માં જણાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

**૮.** ફરિયાદ પક્ષે પુરાવો પૂર્ણ થતા વિ.એ.પી.પી.શ્રીએ આંક-૫૦ થી પુરાવા બંધની પુરસીસ આપેલી છે.

**૯.** આ કામે આરોપીઓની ગેરહાજરીમાં ન્યાયીક કાર્યવાહી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ હોય સી.આર.પી.સી. કલમ–૩૧૩ મુજબના આરોપીઓના વધારાના નિવેદનો નોંધવામાં આવેલ નથી.

**૧૦.** ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ.વી.તડવી તેમની દલીલોમાં જણાવે છે કે ફરિયાદ પક્ષ ધ્વારા રજુ કરેલા પુરાવાથી આ કામના આરોપીઓ સામેનો આક્ષેપીત ગુનો પુરવાર કરેલ હોય આરોપીઓને યોગ્ય નશ્યત કરવા રજુઆત કરેલ છે.

**૧૧.** ઉપરોકત હકીકતે સદર કેસના ન્યાયીક નિરાકરણ અર્થે મારા મતે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં.૧ :– શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૨૧/૫/૨૦૧૪ ના રોજ રાત્રીના આશરે કલાક ૩:૦૦ વાગ્યાના સુમારે મોજે ચીલાકોટા ગામે આ કામના ફરીયાદી તેમના ઘર ના આંગણામાં બહાર ઉંઘી રહેલા હતા અને તેમના ઘરના સભ્યો પણ ઘરની ઓસરીમા ઉંઘી રહેલા હતા તે વખતે આ કામના આરોપીઓ તથા સહ આરોપીઓ લુંટ કરવાના ઇરાદે ફરીયાદીના ઘરે આવી પથ્થરમારો તથા તીરમારો કરતા એક તીર ફરીયાદીના ભાઇ રમેશભાઇને વાગતા તેમનુ મરણ નીપજાવી નાશી જઇ ઇ.પી.કો.ક. ૩૯૫, ૩૯૬, ૫૧૧ મુજબના શિક્ષા પાત્ર ગુનાઓ કરેલ છે ?

મુદ્દા નં.૨ :– શું હુકમ ?

**૧૨.** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો કારણોસહીત નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ :– નકારમાં.
મુદ્દા નં.૨ :– આખરી હુકમ મુજબ.

**:: કા ર ણો ::**

**મુદ્દા નં.૧ ની ચર્ચા :–**

**(૧૩) ફરિયાદ પક્ષનો મૌખિક પુરાવો :–**

**(૧૩.૧)** ફરિયાદ પક્ષે સાહેદ નં.૪ તરીકે ફરીયાદી સોમાભાઇ મનસુખભાઈ હઠીલાને આંક–૨૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આશરે બારેક વર્ષ અગાઉ બનેલો. તે વખતે હું મારા ઘરના આંગણામાં સુઇ ગયેલો હતો અને રાત્રીના આશરે ત્રણ ચાર વાગ્યે મારા ઉપર પથરા પડતા હું તથા ઘરના સભ્યો જાગી ગયેલા અને બુમાબુમ કરવા લાગેલા. જેથી આ ચોર લુંટારૂઓ અંધારામાં અમારી ઉપર પથ્થરમારો તેમજ તીરમારો કરતા હતા, તે વખતે મારો ભાઇ રમેશ પણ તેના ઘરના આંગણામાં સુતો હતો અને તે પથારીમાંથી ઉભો થતાં આ ચોર લુંટારૂઓએ તેને તીર મારતા તેને છાતીના ભાગે તીર વાગતા તે દરવાજાની નજીક પડી ગયેલો તે મેં સંતાઈને જોયેલું. હું તથા અમારા ઘરના માણસોએ બુમાબુમ કરતા આ ચોર લુંટારૂઓ ઉંડાર ગામના સીમાડા તરફ ભાગી ગયેલા અને વ્હારબુમમાં આવેલ માણસો આ ચોર લુંટારૂઓને પાછળ દોડેલા. હું મારા ભાઇને વાગેલ હોય તેની પાસે ગયેલો અને તે વખતે મારી પાછળ મારી પત્ની કાન્તા, મારી ભાભી લખુડી તથા બીજા માણસો મારા ભાઇ રમેશ પાસે આવી ગયેલા અને જોયેલ તો મારો ભાઈ રમેશ આડો પડી ગયેલ હતો અને તેને છાતીના ભાગે તીર વાગેલું હોય તેણે તીર ખેંચી કાઢેલ પરંતુ તીરનો લાકડાનો ભાગ નીકળિ ગયેલ અને લોખંડનું તીર છાતીમાં અંદર ઉતરી ગયેલ હતું અને લોહી નીકળતું હતું. મારો ભાઇ બેભાન થઇ ગયેલ હતો

અને તેને પાણી પીવડાવતા પાણી પણ ઉતરેલ ન હતું. તે વખતે મારા ભાઇના છોકરા રાકેશે ૧૦૮ બોલાવતા મારા ભાઇને ૧૦૮ એમ્બ્યુલન્સમાં મુકી લીમખેડા સરકારી દવાખાને લાવેલ અને દવાખાનાના હાજર ડોકટરે મારા ભાઇને તપાસ કરી મરણ ગયેલ હોવાનું જણાવેલ. મારા ભાઇને સરકારી દવાખાને મડદા કોટડીમાં મુકી ફરીયાદ કરવા માટે લીમખેડા પો.સ્ટે. ગયેલ અને મેં ફરીયાદ લખાવેલી. જે ફરીયાદ આ કામે આંક–૨૧ થી રજુ કરેલ છે. વધુમાં સાહેદ જણાવે છે કે, આ ચોર લુંટારૂઓને મેં અંધારામાં જોયેલા પરંતુ તેઓને હું હાલ ઓળખી શકું નહીં.

સદર સાહેદને સેશન્સ કેસ નં.૬૯/૨૦૨૩ ના કામે સાહેદ નં.૪ તરીકે આંક–૧૮ થી સોગંદ પર તપાસવામાં આવેલા છે. જેમાં પણ તેઓએ ઉપર મુજબની હકીકતો જણાવેલી છે.

**(૧૩.૨)** ફરિયાદ પક્ષે આ કામના ફરીયાદીના નજીકના સગા તથા અન્ય સાહેદોની સેશન્સ કેસ નં.૪૯/૨૦૧૫ તથા ૪૫/૨૦૧૭ ના કામે થયેલ જુબાનીની ખરી નકલો રજુ કરેલ છે તે જોતા આ બનાવમાં ગુજરી જનાર રમેશભાઇ મનસુખભાઇ હઠીલાના પુત્ર નીલેશભાઇ રમેશભાઇ હઠીલાની જુબાનીની ખરી નકલ આંક–૩૮ થી રજુ કરેલ છે તથા ગુજરનારના અન્ય પુત્ર રાકેશભાઇ રમેશભાઇ હઠીલાની જુબાનીની ખરી નકલ આંક–૩૯ થી રજુ કરેલ છે તથા ગુજરનારના પત્ની લખુડીબેન રમેશભાઇ હઠીલાની જુબાનીની ખરી નકલ આંક–૪૦ થી રજુ કરેલ છે. તે ઉપરાંત આ કામના ફરીયાદીના પત્ની કાન્તાબેન સોમાભાઇ હઠીલાની જુબાનીની ખરી નકલ આંક–૪૧ થી, લતાબેન રાકેશભાઇ હઠીલાની જુબાનીની ખરી નકલ આંક–૪૨ થી, અભેસીંગભાઇ મનસુખભાઇ હઠીલાની જુબાનીની ખરી નકલ આંક–૪૩ થી, સોમાભાઇ જહીંગભાઇ હઠીલાની જુબાનીની ખરી નકલ આંક–૪૪ થી, વાલીબેન મનસુખભાઇ હઠીલાની જુબાનીની ખરી નકલ આંક–૪૫ થી, બાબુભાઇ દલસીંગભાઇ ભાભોરની જુબાનીની ખરી નકલ આંક–૪૬ થી, હીમસીંગભાઇ

ભુરસીંગભાઇ ભાભોરની જુબાનીની ખરી નકલ આંક-૪૭ થી, કનુભાઇ રૂમાલભાઇ ભાભોરની જુબાનીની ખરી નકલ આંક-૪૮ થી રજુ કરેલ છે.

સદર સાહેદો આ કામના ફરીયાદીના તથા ગુજરનારના નજીકના સગાઓ તથા ફળીયાના રહેવાસી છે તેઓએ બનાવના રાત્રે છ સાત જેટલા ચોર લુંટારા આવેલા અને પથ્થરમારો તથા તીરમારો કરેલો અને આ તીરમારામાં એક તીર રમેશભાઇ મનસુખભાઇને વાગેલુ તેથી તેઓ મરણ ગયેલા તેવી હકીકતોને સમર્થન આપેલ છે અને જણાવેલ છે કે આ ચોર લુંટારુઓ કોઇ ચીજ વસ્તઓ લુંટી ગયેલા નથી. તે ઉપરાંત આ તમામ સાહેદોનુ કથન છે કે તેઓએ બનાવ સમયે કોઇપણ ચોર લુંટારાઓને જોયેલા નથી અને આજેપણ જોયેથી ઓળખી શકે નહી.

**(૧૩.૩)** ફરિયાદ પક્ષે આ કામે બનાવમાં ગુજરનાર રમેશભાઇ મનસુખભાઇ હઠીલાનાઓનુ ઈન્કવેસ્ટ પંચનામુ અનુક્રમે આંક-૧૧ અને ૧૬ થી રજુ કરેલ છે. તેમજ સદર પંચનામાના પંચ સાહેદો રમેશભાઇ માનસીંગભાઇ મંડોડને તથા અન્ય પંચ સાહેદ દીપાભાઇ માનસીંગભાઇ ભાભોરને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તે ઉપરાંત ગુનાવાળી જગ્યાનુ પંચનામુ આંક-૧૮ થી રજુ કરેલ છે. તેમજ સદર પંચનામાના પંચ સાહેદો ધુળાભાઇ કાળુભાઇ ભાભોરને આંક-૧૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તે ઉપરાંત ભારતીય પુરાવાની કલમ-૨૭ મુજબનુ પંચનામુ આંક-૨૨ તથા આંક-૨૫ થી રજુ કરેલ છે અને સદર પંચનામાના પંચ સાહેદો મહેશભાઇ રણછોડભાઇ પટેલને તથા અન્ય પંચ સાહેદ સુરેશભાઇ મણિયાભાઇ ચૌહાણને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તે ઉપરાંત આ કામના ફરીયાદી તાથ સાહેદોને સાથે રાખી ગુનો કેવી રીતે બનેલ છે તે સંબંધેનુ પંચનામુ આંક-૧૪ તથા આંક-૨૩ થી રજુ કરેલ છે અને સદર પંચનામાના પંચ સાહેદો દીલીપભાઇ બાબુભાઇ ભાભોરને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેમજ આરોપી-ઇશ્વરભાઇ જોરસીંગભાઇ મંડોડની શરીર સ્થીતીનુ પંચનામુ આ કામે આંક-૩૩ અને આંક-૩૫ થી રજુ થયેલ છે. જેના પંચ સાહેદ

ભરતભાઈ ખુરબાનભાઈ નીનામાને આંક–૩૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદર પંચ સાહેદોએ પંચનામામાં રહેલી પોતાની સહીઓ ઓળખી બતાવ્યા સીવાય પંચનામાની હકીકતોને લેશ માત્ર સમર્થન કરેલ નથી અને ઉપરોકત તમામ પંચ સાહેદોને ફરીયાદ પક્ષ ધ્વારા ફરી ગયેલ સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદ લેવાયેલ ઉલટ તપાસમાં કોઈ જ મહત્વની વિગતો રેકર્ડ ઉપર ખુલવા પામેલ નથી.

**(૧૩.૪)** સેશન્સ કેસ નંબર ૦૫/૨૦૧૮ ના કામે મેડીકલ ઓફીસર આશાબેન અભેસીંગભાઇને સાહેદ નં.૦૮ તરીકે આંક–૨૯ થી તપાસવામાં આવેલા છે. તેઓ સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, હું તા. ૨૨/૦૫/૨૦૧૪ ના રોજ સી.એચ.સી. લીમખેડા ખાતે મેડીકલ ઓફીસર તરીકે મારી ફરજ ઉપર હતી તે વખતે મરણજનાર રમેશભાઇ મનસુખભાઈ હઠીલા રહે.ચીલાકોટાનાઓની લાશનું પી.એમ. થવા સારૂ પી.એસ.આઇ.શ્રી લીમખેડાનાઓની યાદી સાથે લાવવામાં આવેલ. સદર લાશ તેના ભાઇ ધ્વારા ઓળખાયેલ હતી. સદર લાશનું પી.એમ. તા.૨૨/૦૫/૨૦૧૪ ના રોજ ૦૧:૩૦ કલાકે શરૂ કરી ૦૨:૩૦ કલાકે પુર્ણ કરેલ. સદર લાશનું બાહય પરીક્ષણ જોતાં સદર લાશ એક હિન્દુ પુરૂષની હતી અને તેની ઉંમર આશરે ૩૫ વર્ષની હતી. તેના શરીરે પીન્ક કલરનો શર્ટ અને બ્લ્યુ કલરનું પેન્ટ અને બ્રાઉન કલરની અન્ડરવેઈર પહેરેલ હતી અને તેના પેટના ભાગે નાડાછડી અને કાળી દોરી બાંધેલ હતી. સદર લાશની અકડાઇ જવાની પ્રક્રિયા આખા શરીરમાં પ્રસરી ગયેલી હતી. સદર લાશની આંખો અર્ધખુલ્લી હતી. શરીરની ચામડી સામાન્ય હતી. બાહય જનેન્દ્રીયમાં કોઇ ઈજાના નિશાન જણાયેલ ન હતા. તે ઉપરાંત તેઓએ કોલમ નંબર ૧૭ ની ઈજા જણાવેલ છે તે જોતા (૧) છાતીના ડાબી બાજુના ભાગે તીર વાગેલ હતું અને તે પી.એમ. પ્રોસીજરમાં કાઢેલ હતું અને તે ૨ સે.મી. જેટલુ અંદરના ભાગ સુધી ગયેલ હતું. સદર ઈજા મૃત્યુ પહેલાની હતી. (૨) સદર લાશના માથાના ભાગે કોઈ ઈજા જણાયેલ ન હતી. (૩) છાતીના ભાગે ખોલી જોતાં એક વુન્ડ જણાયેલ. કન્ઠેન્દ્રીય, શ્વાસનળી, કલોમ, જમણું ફેફસુ સામાન્ય હતું. ડાબુ

ફેફસું ઉંડાણથી કન્જેસ્ટેડ હતું. હૃદયનું આવરણ, મોટી રકમવાહીનીઓ સામાન્ય હતી. પેટની અંદરની ત્વચાનું આવરણ સામાન્ય હતું. મોનુંબોખ, દાંત, જીભ, કંઠનળી, અન્નનળી સામાન્ય હતી. પેટની અંદરથી અર્ધપચેલ ખોરાકના કણો મળી આવેલ. નાના આંતરડામાં પચેલ ખોરાક અને પાણી હતું. મોટા આંતરડામાં ગેલ અને મળ હતું. યકૃત, પિત્તાશય, અન્નાશય, અધિવૃકો, બરોળ, મૂત્રપીંડો સામાન્ય હતા. પેશાબની કોથળી ખાલી હતી. જનેન્દ્રીય સામાન્ય હતી. સદર લાશમાંથી નીચે મુજબના વિશેરા લેવામાં આવેલ. હૃદય, હોજરી, લીવર, બરોળ, કીડનીના ટુકડા એફ.એસ.એલ. રીપોર્ટ માટે આપેલા. સદર મરણજનારનું મૃત્યુ મારા મત મુજબ છાતીના ભાગે ડાબા ફેફસામાં તીર વાગવાથી હૃદયની શ્વાસોશ્વાસની ક્રિયા બંધ થઇ જવાથી મરણ ગયેલ છે. સદર ઈજા ગંભીર પ્રકારની હતી અને આ ઈજાના કારણે વ્યકિતનું મૃત્યુ થઇ શકે છે.તેઓએ પી.એમ. નોટમાં પોતાની સહી ઓળખી બતાવી આંક–૩૦ થી રજુ કરેલ છે. આ જ પ્રમાણેની જુબાની તેઓએ સેશન્સ કેસ નં.૬૯/૨૦૨૩ માં પણ જણાવેલ છે.

**(૧૩.૫)** ફરિયાદ પક્ષે સાહેદ નં.૦૯ તરીકે ત.ક.અ. સાલમસીંહ ભયજીભાઇ પટેલને આંક–૩૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, હું સને ૨૦૧૬ ની સાલમાં લીમખેડા પો.સ્ટે. ખાતે એ.એસ.આઇ. તરીકે મારી ફરજ ઉપર હતો, તે વખતે લીમખેડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૬૩/૨૦૧૪, ઈ.પી.કો.કલમ–૩૯૫, ૩૯૬, ૫૧૧ મુજબના ગુનાની તપાસ મને મળતાં મેં સંભાળેલી. આ ગુનાનો નાસતો ફરતો આરોપી ઈશ્વરસિંહ જોરસિંહભાઈ મંડોડ રહે. ચીલાકોટા તા.લીમખેડા જી.દાહોદનાઓ દાહોદ રૂરલ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૦૫/૨૦૧૫, ઈ.પી.કો.કલમ–૩૯૪, ૧૧૪ મુજબના ગુનાના કામે જયુડી. કસ્ટડીમાં હોય, સદર આરોપીને ટ્રાન્સફર વોરંટ મેળવવા માટે મે.જયુડી. મેજી. સાહેબશ્રી, લીમખેડાનાઓને વિનંતી કરતાં નામ.કોર્ટે સદર આરોપીનો કબજો અમોને તા. ૧૩/૪/૨૦૧૬ ના રોજ સોપેલ. ત્યારબાદ સદર આરોપીને પો.સ્ટે. લાવી લીમખેડા પો.સ્ટે.

ફ.ગુ.ર.નં.૬૩/૨૦૧૪, ઈ.પી.કો.કલમ–૩૯૫, ૩૯૬, ૫૧૧ મુજબના કામે અટક કરવામાં આવેલ અને આરોપીનું શરીર સ્થીતીનું પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલ. તેઓએ આંક–૩૩ વાળા પંચનામામાં બે પંચો તથા રૂબરૂ તરીકે તેમની સહી ઓળખી બતાવેલ છે. વધુમાં જણાવે છે કે ત્યારબાદ સદર આરોપી સ્વખુશીથી સદર કામની ગુનાવાળી જગ્યા બતાવવા માંગતો હોય, બે સ્થાનીક પંચોને બોલાવી પંચનામાની વિગતથી વાકેફ કરી આરોપીના કહયા બતાવ્યા મુજબ બે પંચોના માણસોને સાથે રાખી જરૂરી જાપ્તાના માણસો સાથે સરકારી ગાડીમાં બેસી આરોપીના કહયા બતાવ્યા પ્રમાણે ગુનાવાળી જગ્યાએ ચીલાકોટા ગામે ગયેલ અને ત્યાં જઈ સદર આરોપીએ જણાવેલ કે, હું તથા મારા સાગરીતો સાથે આ ઘરની આગળની આવી ઉભા રહી ગયેલ અને તે વખતે ઘરના માણસો જાગી જતા અમારી સાથે સુરેશભાઇ કાળીયાભાઇનાઓએ એક તીર મારતા તે તીર એક ઇસમને વાગી જતા વધારે બુમાબુમ થતા અમો લુંટ કર્યા વગર આ જગ્યાએથી ભાગી ગયેલાની હકીકત જણાવેલી. તે મુજબનું પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલ. તેઓએ આંક–૨૫ વાળા પંચનામામાં બે પંચો તથા રૂબરૂ તરીકે તેમની સહી ઓળખી બતાવેલ છે. ત્યારબાદ સદર આરોપીને પો.સ્ટે. લાવી સદર આરોપીનું મેડીકલ કરાવી આરોપીને તા.૧૪/૪/૨૦૧૬ ના રોજ લીમખેડાના મે. એડી. ચીફ જયુડી.મેજી. સાહેબશ્રી પાસે રજુ કરતાં નામ.કોર્ટે સદર આરોપીને જયુડી. કસ્ટડીમાં લેવાનો હુકમ કરેલો. આ ગુનાના કામે અગાઉ તપાસ તપાસના કાગળો સામેલ રાખી આરોપી શૈલેષભાઇ કાળુભાઇ ભાભોર તથા નગરસિંહ માનસિંહ ગણાવા, ઈશ્વરભાઈ જોરસિંહભાઈ મંડોડ નાઓ વિરૂધ્ધ પુરતા પુરાવા પડતા હોય નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને તેઓ ઓળખે છે.

ફરિયાદ પક્ષે સાહેદ નં.૧૦ તરીકે ત.ક.અ. હરેશકુમાર પરથીભાઇ કરેણને આંક–૩૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, હું સને ૨૦૧૮ ની સાલમાં લીમખેડા પો.સ્ટે. ખાતે પી.આઇ. તરીકે મારી ફરજ ઉપર હતો, તે

વખતે લીમખેડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૬૩/૨૦૧૪, ઈ.પી.કો.કલમ–૩૯૫, ૩૯૬, ૫૧૧ મુજબના ગુનાના કામે મે.એડી.ચીફ જયુડી.મેજી.કોર્ટ લીમખેડાના ધ્વારા તા.૧૨/૦૧/૨૦૧૮ ના રોજ સદર ગુનાના ફોજદારી કેસ નં.૮૮૧/૨૦૧૬ ના કામે આરોપી નં.૧ શૈલેષભાઇ કાળુભાઇ ભાભોર રહે.ઉંડાર, તા.ધાનપુર જી.દાહોદ, આરોપી નં.૩ ઇશ્વરભાઇ જોરસીંગભાઇ મંડોડ રહે.ચીલાકોટા, તા.લીમખેડા જી.દાહોદનાઓ સામેનો કેસ અલગથી ચાર્જશીટ કરવા નામ. કોર્ટે હુકમ કરેલ હોય, જે આધારે અમોએ તા. ૧૮/૦૧/૨૦૧૮ ના રોજ ઉપરોકત બંને આરોપીઓ વિરૂધ્ધ લીમખેડાના મે. એડી. ચીફ જયુડી.મેજી. સાહેબની કોર્ટમાં આરોપીઓના અસલ ફોટા તથા અસલ ચહેરા નિશાન પત્રક ભરી અલગથી ચાર્જશીટ કરેલ.

**(૧૪) પુરાવાકીય મુલ્યાંકન :–**

**(૧૪.૧)** પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે કોર્ટે ધ્યાનમાં રાખવાના માર્ગદર્શક સિધ્ધાંતોની ચર્ચા અવારનવાર નામદાર સર્વોચ્ચ અદાલતે તથા નામદાર વડી અદાલતે અનેક વિવિધ ચુકાદાઓમાં કરેલ છે તે મુજબ અને ન્યાય શાસ્ત્રના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે પોતાનો કેસ શંકારહીત પુરવાર કરવાનો છે અને ફરિયાદ પક્ષ જયાં સુધી આરોપી સામે નો આક્ષેપીત ગુનો પુરવાર ના કરે ત્યાં સુધી આરોપી ગુનેગાર નથી તેવું કોર્ટે માની લેવાનું છે.એટલું જ નહી પરંતુ ફરિયાદ પક્ષના પુરાવામાં સહેજ પણ શંકા કે ત્રુટી જણાઈ તો તેનો લાભ આરોપીને મળવાપાત્ર રહે છે. એવીડન્સ એકટની કલમ–૧૦૧ થી ૧૧૦ ની જોગવાઈ મુજબ ફરીયાદ પક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો છે. આરોપીના નબળા બચાવનો ફરિયાદ પક્ષ લાભ મેળવી શકવાને પાત્ર ઠરતા નથી કે આરોપી પોતાના વિરૂધ્ધ પુરાવો આપવા જવાબદાર ઠરતા નથી. સમગ્ર ટ્રાયલ દરમ્યાન આરોપી મૌન રહેવા માટે પણ અધિકાર ધરાવે છે અને સમગ્ર પુરાવાનું વિશ્લેષણ કરતા એક કરતા વધુ વ્યુહ જણાઈ આવતા હોય તો હંમેશા આરોપીની તરફેણના વ્યુહને અપનાવાનો છે, તેવો સિધ્ધાંત

પ્રસ્થાપિત કરેલ છે તે સિધ્ધાંતને નજર સમક્ષ રાખી હાથ ઉપરના કેસના પડેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

**(૧૪.૨)** પ્રત્યેક ગુન્હામાં બે મહત્વની બાબત હંમેશા પુરવાર કરવા ની હોય છે. ગુન્હો બન્યો છે તેવી હકીકત પ્રથમ પુરવાર થવી જોઈએ તથા કોણે ગુન્હો કર્યો છે તેવી હકીકત ત્યાર બાદ પુરવાર થવી જોઈએ. ફોજદારી કાર્યવાહીમાં ઓળખને લગતો પ્રશ્ન મોટા ભાગે મહત્વનો ભાગ ભજવે છે. જયારે સાહેદો બનાવ પહેલાંથી જ આરોપીને ઓળખતા હોય અથવા બનાવ સમયે તત્કાળ જ આરોપીને અટક કરવામાં આવ્યા હોય ત્યારે આરોપીની ઓળખ પુરવાર કરવી આવશ્યક નથી. મોટે ભાગે લુંટના કિસ્સામાં ઓળખનો પ્રશ્ન મહત્વનો બની રહે છે.તેમાં પણ અજવાળું ઓછું હોય તેવા સમયે બનતા ગુન્હામાં આરોપીની ઓળખ ગુંચવણભર્યો પ્રશ્ન ખડો કરે છે અને તપાસ માટે પડકારરૂપ હોય છે.આવા કિસ્સામાં શક પર થી વ્યકિતને અટક કરવામાં આવી હોવાના કારણે વાસ્તવમાં તે જ વ્યકિત ગુન્હો આચરનાર છે કે કેમ તે નકકી કરવાનું હોય છે. ગુન્હાના સમય દરમ્યાન દિવસનું અજવાળું હતું કે રાત્રિનો અંધકાર હતો ? ગુન્હો કરનાર અને સાહેદ વચ્ચેનું અંતર તથા એકબીજાને ઓળખવા–જોવા માટે મળેલી તક અથવા તો પુરતો સમય મળેલ હતો કે કેમ ? આવા પાસા ઓને નિર્ણય પર આવવા માટે લક્ષમાં લેવા જોઈએ.

**(૧૪.3)** આ કામે રજુ થયેલા તમામ પુરાવાનું ઝીણવટપુર્વક મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે ફરિયાદ પક્ષના તમામ સાહેદોનો સોગંદ ઉપરનો પુરાવો જોતા તેઓએ બનાવમાં આ કામના ફરીયાદી સોમાભાઇ મનસુખભાઇ હઠીલાના ઘરે બનાવની રાત્રીએ ત્રણ વાગ્યાના સુમારે આશરે છ સાત જેટલા અજાણ્યા ચોર લુંટારાઓ લુંટ કરવાના ઈરાદે આવેલા અને પથ્થરમારો કરતા ફરીયાદી અને તેમના ઘરના સભ્યો જાગી ગયેલા અને તે સમયે આ અજાણ્યા ચોર લુટારુઓએ તીરમારો કરતા આ કામના ફરીયાદીના ભાઇ રમેશભાઇ મનસુખભાઇ હઠીલાને છાતીના ભાગે

એક તીર વાગી જતા તેઓ ઢળી પડેલા અને ૧૦૮ માં સારવાર માટે લઈ જતા હતા ત્યારે રસ્તામાં તેઓ મરણ ગયેલા તે હકીકતને સમર્થન આપેલ છે. જો કે, સદર સાહેદોનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો તેઓએ સ્પષ્ટ પણે એ હકીકત જણાવી છે કે બનાવ રાત્રીના સમયે બનેલો અને તેઓએ તે સમયે ચોર લુંટારાઓને ઓળખેલા નહી તથા ચોર લુટારુઓ કયાના હતા અને કોણ હતા તેની તેઓને ખબર નથી.

આમ સદર સાહેદોની જુબાનીમાંથી હાલના આરોપીઓની ઓળખ પ્રસ્થાપિત થતી નથી કે સદર આરોપીઓની ઓળખ અંગેનો કોઈ પુરાવો આવતો નથી. આ સંજોગોમાં ફરીયાદપક્ષના એકપણ સાહેદે હાલના આરોપીઓને ઓળખેલ હોય તેવી હકીકત પુરવાર થતી નથી. આમ, બનાવને નજરે જોનાર તથા ભોગ બનનાર સાહેદો પોતાની જુબાનીમાં ચોર લુંટારાઓમાં હાલના આરોપીઓ સામેલ હતા તે બાબતે કોઈ જ માનવા લાયક પુરાવો રજુ કરતા નથી અને તેઓએ હાલના આરોપીઓને ઓળખી બતાવેલ નથી. આ કામે રજુ થયેલ પુરાવા ઉપરથી બનાવની રાત્રીએ અજાણ્યા ઈસમોએ તીરમારો કરતા ફરીયાદીના ભાઈને તીર વાગતા તેઓનુ મરણ થયેલ છે તે હકીકત પુરવાર થાય છે, પરંતુ આ કામના ફરીયાદી તથા સાહેદોની જુબાનીથી ફરીયાદ પક્ષના આક્ષેપ મુજબ હાલના કામના આરોપીઓ જ લુંટનો પ્રયાસ કરવાનો ગુનો કરેલાની હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી. કારણ કે આ કામના સાહેદો પોતાની સરતપાસમાં માત્ર લુંટનો પ્રયાસ થયેલાની હકીકત જણાવે છે, પરંતુ આ લુંટનો પ્રયાસ કોણે કરેલ તથા બનાવ સમયે હાલના આરોપીઓએ જ ગુજરનારને તીર મારેલ હોય અને તેના પરીણામે ગુજરનારનુ અવસાન થયેલ હોય તે બાબતે પોતાની જુબાનીમાં કોઈ ઠોસ પુરાવો રજૂ કરતા નથી. આ કામે રજુ થયેલ ઈન્કવેસ્ટ પંચનામાને બાદ કરતા અન્ય એકપણ પંચનામાના પંચ સાહેદે પંચનામાની વિગતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી. એટલુ જ નહી, સદરહું તટસ્થ પંચસાહેદોને ખુદ ફરીયાદ પક્ષે અવિશ્વસનીય સાહેદો જાહેર કરેલા છે. તે સંજોગોમાં હાલના આરોપીઓએ જ લૂંટનો પ્રયાસ કરી એક ઈસમનુ મોત

નીપજાવેલ હોય તેવી કોઈપણ હકીકતો માનવાલાયક પુરાવાથી પુરવાર થયેલ નથી. ફોજદારી ન્યાયના સિધ્ધાંતો મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ ફરીયાદને અનુરૂપ મજબુત પુરાવાથી અને નિશંકપણે પુરવાર કરાવવાની જવાબદારી ફરીયાદપક્ષની છે. તે સંજોગોમાં રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો સમગ્ર પુરાવા પરથી ફરીયાદમાં જણાવેલા અને પુરાવાઓમાં તપાસેલા સાહેદોના ઘરે લુંટનો બનાવ બન્યાની હકીકત પુરવાર થાય છે પરંતુ હાલના આરોપીની ઓળખ બાબતે લેશમાત્ર પુરાવો રેકર્ડ પર આવેલ નથી અને આ સંજોગોમાં આ કામના આરોપીની ઓળખ બાબતે શંકા ઉભી થાય છે. **<u>એ.આઇ.આર. ૧૯૯૫ સુપ્રીમ કોર્ટ, પેજ નં.૧૩૫, જગ્ગાસીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ</u>**ના કેસમાં નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે કે શંકા ગમે તેટલી મજબુત હોય તો પણ તે પુરાવાનું સ્થાન લઈ શકે નહી અને શંકા આખરે શંકા છે અને જયારે બે "વ્યુહ" શકય હોય ત્યારે હંમેશા આરોપીની તરફેણમાં ચુકાદો આપવો જોઈએ.

**(૧૪.૪)** ઉપરોકત તમામ પુરાવાઓને વંચાણે લેતા અને તમામે તમામ સાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરતા એ હકીકત નિર્વિવાદપણે ફલીત થાય છે કે આંક-૨૧ વાળી ફરિયાદ વંચાણે લેતા તેમાં હાલના કોઈ આરોપીનું નામ, સરનામું કે શારીરીક બાંધાનું કોઈ વર્ણન દર્શાવેલ નથી. ત.ક. અમલદારની રજુ જુબાનીઓ જોતા તેઓએ પોતાની તપાસને સમર્થન કરતો પુરાવો રજુ કરેલ છે. આ કામની ફરિયાદ અજાણ્યા ઈસમો વિરૂધ્ધ આપવામાં આવેલ હોય અને ત્યારબાદ તપાસના કામે કોઈ આરોપીની સંડોવણી ખુલતી હોય તેવા સંજોગોમાં ત.ક.અમલદારની એ ફરજ બની રહે છે કે તેઓએ આવા આરોપીઓને સાહેદો રૂબરૂ એવીડન્સ એકટની કલમ-૯ મુજબ કાયદેસરની ઓળખપરેડ હાથ ધરાવવી પડે. પરંતુ ત.ક.અમલદારે સમગ્ર તપાસ દરમ્યાન કે સાહેદો મારફતે આરોપીની નિયમ મુજબ કોઈ ઓળખ પરેડ કરાવામાં આવેલ નથી. એટલું જ નહી પરંતુ સમગ્ર તપાસ જોતા હાલના આરોપીને કોઈ પણ સાહેદે કોઈ પણ તબકકે ઓળખી બતાવેલ હોય તેવો લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર જણાઈ

આવતો નથી અને તેવા સંજોગોમાં એકમાત્ર ત .ક.અમલદાર સમક્ષ રીમાન્ડના કામે આરોપી એ કરેલ કબુલાતને આધીન આરોપીને મચકુર ગુના સબબ સંડોવી દેવા ન્યાયોચીત ગણી શકાય નહી.

**(૧૪.૫)** એટલું જ નહી,પરંતુ એક તબકકે ત.ક.અમલદારની જુબાની માની લેવામાં આવે કે હાલના આરોપીએ તેઓની રૂબરૂ અન્ય ગુનાના કામે રીમાન્ડ દરમ્યાન પુછપરછમાં હાલના ગુનાની કબુલાત કરેલી તો પણ તેવી કબુલાત એવીડન્સ એકટની કલમ–૨૫ અને ૨૬ ની જોગવાઈ જોતા પુરાવામાં ગ્રાહય ગણી શકાય નહી.ત.ક.અમલદારે એવીડન્સ એકટ ની કલમ–૨૭ ની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરેલ હોય તેવું રેકર્ડ ઉપરથી ફલીત થતું નથી. હાલના આરોપીઓનો ગુનાના કામે ચોકકસ શું રોલ હતો, તે બતાવતો કોઈ પણ પ્રકારનો આધારભૂત પુરાવો ફરિયાદ પક્ષ આ કામે રજુ કરી પુરવાર કરી શકેલ નથી. ઓળખ પરેડ હાથ ના ધરવા સબબનું કોઈ ચોકકસ કારણ ત.ક.અમલદારે આપેલ નથી.

**(૧૪.૬)** આમ, ઉપરોકત રજુ પુરાવાથી હાલના આરોપીઓની ગુનાના કામે નિ:શંકપણે સંડોવણી હોવાની હકીકત જણાવતા નથી. ત.ક. અમલદારે પણ આરોપીઓને અટક કર્યા બાદ ફરિયાદી કે બનાવમાં ભોગ બનનાર અન્ય કોઈપણ સાહેદ મારફતે આરોપીઓની ઓળખપરેડ કરાવેલ નથી અને તે તમામ સંજોગોને આધારે જયારે ફરિયાદ પક્ષ આરોપી સામેનો આક્ષેપીત ગુનો કડીબધ્ધ રીતે પુરવાર કરી શકેલ ના હોય તે સંજોગોમાં આરોપીઓ નિર્દોષ છુટકારા માટે હકકદાર ઠરે છે. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરિયાદ પક્ષ આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય **મુદ્દા નં.૧ નો જવાબ તે રીતે નકાર**માં આપી નીચે મુજબનો **મુદ્દા નં.ર નો આખરી હુકમ** કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

- > **સેશન્સ કેસ નં.૫/૨૦૧૮** ના કામના આરોપી : નગરસીંહ માનસીંગ ગણાવા રહે.– ચીલાકોટા, જાગલા ફળીયુ, તા.લીમખેડા, જી.દાહોદનાઓને તથા **સેશન્સ કેસ નં.૬૯/૨૦૨૩** ના કામના આરોપી નં.(૧) શૈલેષભાઇ કાળુભાઇ ભાભોર રહે.–ઉંડાર, માળ ફળીયુ, તા.ધાનપુર, જી.દાહોદ. આરોપી નં.(૨) ઇશ્વરભાઇ જોરસીંગભાઇ મંડોડ રહે.–ચીલાકોટા, રવાળી ફળીયુ, તા.લીમખેડા, જી.દાહોદનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ–૨૩૫(૧) અન્વયે તેઓની સામેના ભારતીય દંડ સંહીતાની કલમ –૩૯૫, ૩૯૬, ૫૧૧ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- > આ કામે અન્ય આરોપીઓ નાસતા ફરતા હોય મુદ્દામાલ સંબંધે કોઇ આખરી હુકમ કરવામાં આવતો નથી.
- > આ કામના આરોપીઓ જામીન ઉપર મુકત હોય તેઓના જામીનખત તથા જાતમુચરકા રદ કરવા.
- > દરેક આરોપીએ સી.આર.પી.સી. કલમ–૪૩૭(એ) મુજબના અપીલ સમય સુધીના રૂા.૧૫,૦૦૦/– ના જામીન આપવા.

હુકમ આજ તા.૧૦ મી, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦/૦૮/૨૦૨૬

સ્થળ : લીમખેડા

(મિનાક્ષી મહેશ સોની)
બીજા એડી.સેશન્સ જજ, દાહોદ
મુ. લીમખેડા, જી.દાહોદ.
CODE NO. GJ00740

(H D RAVAL)